# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-06-2024** **Midday : 1.20 to 1.30**
**Day : Tuesday** **National News**

### આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

**************************************************

- ✓ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં - પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિનો 17મો હપ્તો જારી કરશે.
- ✓ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને સંરક્ષણ મંત્રાલય દ્વારા 156 હળવા લડાકુ હેલિકોપ્ટર્સ ખરીદવાની દરખાસ્ત.
- ✓ કેન્દ્ર સરકારે નાગરિકોને ઇલેક્ટ્રીસિટી નો યૉર કસ્ટમર - K.Y.C. અપડેટ છેતરપિંડીથી બચાવવા માટે પગલાં લીધા છે.
- ✓ 21 જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ શ્રીનગરમાં યોજાશે.
- ✓ દેશના ઉત્તરીય ભાગોમાં ગરમીના મોજાંની સ્થિતિ યથાવત્ રહેવાની આગાહી - આગામી 3 દિવસ સુધી ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આસામ અને મેઘાલયમાં વરસાદની સંભાવના.
- ✓ ટી-ટ્વેન્ટી વિશ્વકપ માટે સુપર–8ની ટીમ નક્કી થઈ.

**********************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM Kisan sanman nidhi

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે વારાણસીમાં કિસાન સન્માન નિધિના 17મા હપ્તામાં લગભગ નવ કરોડ 26 લાખ લાભાર્થી ખેડૂતોના ખાતામાં સીધા રૂપિયા 20 હજાર કરોડ રૂપિયા જમા કરાવશે. અત્યાર સુધી 11 કરોડથી વધુ ખેડૂત પરિવારોએ પ્રધાનમંત્રી કિસાન યોજના અંતર્ગત ત્રણ લાખ ચાર હજાર કરોડ રુપિયાથી વધુનો લાભ પ્રાપ્ત કર્યો છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રી કૃષિ સખી તરીકે સ્વ-સહાય જૂથોની ત્રીસ હજારથી વધુ મહિલાઓને પ્રમાણપત્ર પણ એનાયત કરશે. પ્રમાણપત્ર વિતરણનો આ કાર્યક્રમ “લખપતિ દીદી” કાર્યક્રમના ઉદ્દેશને અનુરૂપ છે.

શ્રી મોદી વારાણસીમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન સંમેલનમાં ઉપસ્થિત રહેશે. સાંજે કાશી વિશ્વનાથ મંદિરમાં પૂજા અને દર્શન કરતા પહેલા પ્રધાનમંત્રી દશાશ્વમેધ ઘાટમાં ગંગા આરતી કરશે. આજે રાત્રે વારાણસીમાં જ રાત્રિ રોકાણ કર્યા બાદ તેઓ આવતીકાલે બિહાર માટે રવાના થશે. સતત ત્રીજી વખત પ્રધાનમંત્રી બન્યા પછી શ્રી નરેન્દ્ર મોદીનો આ પહેલો વારાણસી પ્રવાસ છે.

# HAL order defence manufacturing

હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડને સંરક્ષણ મંત્રાલય દ્વારા 156 હળવા લડાકુ હેલિકોપ્ટર્સ ખરીદવાની દરખાસ્ત મળી છે, જેનાંથી મેક ઇન ઇન્ડિયા પહેલને વેગ મળશે. કંપનીને ભારતીય લશ્કર તરફથી 90 અને ભારતીય હવાઈ દળ તરફથી

66 હેલિકોપ્ટર્સ ખરીદવાની દરખાસ્ત મળી છે. આ ટેન્ડરનું અંદાજિત મૂલ્ય રૂ. 45 હજારથી રૂપિયા 50 હજાર કરોડ આંકવામાં આવે છે.

દરમિયાન, 156 હળવા લડાકુ હેલિકોપ્ટર્સની ખરીદીને પગલે ભારત સંરક્ષણ સામગ્રીનાં ઉત્પાદનમાં આત્મનિર્ભરતા હાંસલ કરી શકશે. આ નવા ઓર્ડર પહેલાં હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ પાસે રૂપિયા 38 હજાર 561 કરોડની ઓર્ડરબુક હતી. ભારત અને અમેરિકા હિન્દુસ્તાન એરોનોટિક્સની સુવિધાઓમાં લશ્કરી વિમાનો માટે અત્યાધુનિક જીઇ એન્જિનનાં ઉત્પાદન માટે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરશે.

# E KYC SCAM

કેન્દ્ર સરકારે નાગરિકોને ઇલેક્ટ્રીસિટી નો યોર કસ્ટમર - K.Y.C. અપડેટ છેતરપિંડીથી બચાવવા માટે પગલાં લીધા છે. કેન્દ્ર સરકારે જે મોબાઈલ નંબર પરથી છેતરપિંડી કરવામાં આવતી હતી. તે તમામ નંબર બંધ કરાવી દીધા છે. દૂરસંચાર વિભાગે છેતરપિંડીની પ્રવૃત્તિઓની તપાસ કરવા માટે ચક્ષુ પૉર્ટલનો ઉપયોગ કર્યો અને શરૂઆતમાં લગભગ પાંચ શંકાસ્પદ મોબાઈલ નંબરને શોધી લીધા.

કૃત્રિમ બુદ્ધિમતા – A.I. આધારિત આ પૉર્ટલથી જાણવા મળ્યું કે, 392 હેન્ડસેટ સાથે લિન્ક 31 હજાર 740 મોબાઈલ નંબરથી છેતરપિંડી કરવામાં આવી રહી છે. ત્યારબાદ દૂરસંચાર વિભાગે તમામ દૂરસંચાર કંપનીઓને આદેશ આપ્યો કે, સાઈબર ક્રાઈમ અને નાણાકીય છેતરપિંડી માટે ઉપયોગમાં લેવાતા આ 392

હેન્ડસેટના I.M.E.I.ને બ્લૉક કરવામાં આવે. ઉપરાંત 31 હજાર 740 મોબાઈલ નંબરની પણ બીજી વાર ચકાસણી કરવામાં આવે.

જો પુનઃચકાસણી નિષ્ફળ થાય તો તેવા મોબાઈલ નંબરોને તાત્કાલિક બંધ કરવામાં આવે. તેમજ તેની સાથે જોડાયેલા હેન્ડસેટને પણ બ્લૉક કરવામાં આવે. દૂરસંચાર વિભાગના સંચાર સાથી પૉર્ટલ પર ચક્ષુ રિપોર્ટ સસ્પેક્ટેડ ફ્રૉડ કમ્યુનિકેશન્સ પર નાગરિકો શંકાસ્પદ છેતરપિંડીની જાણ કરી શકે છે.

## Fitch

ફિચ રેટિંગ્સે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતની વૃધ્ધિનો અંદાજ માર્ચનાં સાત ટકાથી વધારીને 7.2 ટકા કર્યો છે. ગ્રાહક ખર્ચ અને રોકાણમાં વધારાને પગલે વૃધ્ધિદરનો અંદાજ સુધારવામાં આવ્યો છે.

આજે વૈશ્વિક અર્થતંત્રની સ્થિતિ અંગે પ્રસિદ્ધ થયેલા ફિચ રેટિંગ્સના ત્રિમાસિક અહેવાલમાં વૈશ્વિક વૃધ્ધિનો અંદાજ 2.4 ટકાથી વધારીને 2.6 ટકા કરવામાં આવ્યો છે. યુરોપિયન દેશોમાં આર્થિક સ્થિતિમાં તથા ચીનનાં નિકાસ ક્ષેત્રમાં સુધારો નોંધાયો છે. ચીનને બાદ કરતાં ઊભરતા બજારોમાં સ્થાનિક માંગમાં મજબૂત ઉછાળો નોંધાયો છે. આ પરિબળો આગામી વર્ષમાં વૈશ્વિક આર્થિક વૃધ્ધિ માટે સકારાત્મક સંકેતો આપે છે.

## NSA US-INDIA MEET

રાષ્ટ્રીય સલામતી સલાહકાર અજીત દોવાલે નવી દિલ્હીમાં તેમનાં અમેરિકન સમકક્ષ જેક સુલિવાન સાથે યુએસ-ઇન્ડિયા ઇનિશિયેટિવ ઓન ક્રિટિકલ એન્ડ ઇમર્જીંગ ટેકનોલોજી (iCET)ની બીજી બેઠકનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ગઇ કાલે યોજાયેલી આ બેઠકમાં શ્રી દોવાલઅને શ્રી સુલિવાને વ્યૂહાત્મક ટેકનોલોજી ભાગીદારીનાં આગામી પ્રકરણ માટેની રૂપરેખા નક્કી કરી હતી.

વ્હાઇટ હાઉસે જણાવ્યું હતું કે, બંને દેશોએ સહ-ઉત્પાદન, સહ-વિકાસ તથા સંશોધન અને વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરીને અગ્રતા ધરાવતા મહત્વના અને ઊભરતા ટેકનોલોજી ક્ષેત્રોમાં સફળતા માટે કામ કરવાની પ્રતિબધ્ધતા પર ભાર મૂક્યો હતો. બંને દેશોએ અમેરિકા અને ભારતનાં લોકો તથા વિશ્વભરનાં ભાગીદારો માટે સલામત, વિશ્વાસપાત્ર અને કિફાયતી ટેકનોલોજી પૂરી પાડવાસમાન વિચારસરણી ધરાવતા રાષ્ટ્રો સાથે સંકલન વધારવાનો પણ નિર્ણય લીધો હતો.

## SRI LANKA - FISHERMEN ARREST

શ્રીલંકાના નૌકા દળે આજે ચાર ભારતીય માછીમારોની ધરપકડ કરી છે. પુડુકોટ્ટાઇના આ માછીમારોએ શ્રીલંકાની જળ સીમાનું ઉલ્લંઘન કરતા નેદુન્થીવી નજીક તેમની ધરપકડ કરવામાં આવી છે. તેમને વધુ તપાસ માટે કનકેસાંથુરાઇ બંદર પર લઈ જવામાં આવ્યા છે.

## MID BREAK

આ રાષ્ટ્રીય સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો.

# YOGA DIVAS UJAVANI

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસનો મુખ્ય કાર્યક્રમ શ્રીનગરમાં યોજાશે. શેર—એ—કાશ્મીર કન્વેન્શન સેન્ટરમાં યોગ દિવસનો આ કાર્યક્રમ યોજાશે. આયૂષ મંત્રાલયના સચિવ રાજેશ કોટેચાએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસ અંગે પત્રકાર પરિષદ દરમિયાન વધુમાં જણાવ્યું કે, આ વર્ષની યોગ દિવસની વિષયવસ્તુ “સ્વયં અને સમાજ માટે યોગ” છે. નમસ્તે યોગ એપ અંગે ગૂગલ મેપ સાથે કરાર થયા છે. એટલે ઘરની પાસે આવેલા યોગ કેન્દ્રની માહિતી ગૂગલ મેપ પરથી જાણી શકાશે.

શ્રી કોટેચાએ જણાવ્યું કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દરેક ગામના વડાઓને યોગ દિવસ ઉજવવા માટે પત્ર લખ્યો છે. ગયા વર્ષે 23 કરોડથી વધુ લોકોએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીમાં ભાગ લીધો હતો. આ વર્ષે યોગ વિથ ફેમિલી વીડિયો સ્પર્ધા પણ યોજાઈ રહી છે. તેમણે My Gov પૉર્ટલ પર વીડિયો સ્પર્ધામાં ભાગ લેવા નાગરિકોને અનુરોધ કર્યો છે.

# IMD WEATHER

ભારતીય હવામાન વિભાગની આગાહી મુજબ, દેશના ઉત્તરીય ભાગોમાં આજે પણ ગરમીના મોજાંથી અતિશય ગરમીની સ્થિતિ યથાવત્ રહેશે. ઉત્તરપ્રદેશ,

પંજાબ, હરિયાણા, ચંદીગઢ, દિલ્હી, હિમાચલ પ્રદેશ, બિહાર, ઉત્તરાખંડ અને ઝારખંડના કેટલાક ભાગોમાં ગરમીના મોજાંની સ્થિતિની સંભાવના છે.હવામાન વિભાગે જણાવ્યું કે, આગામી ત્રણ દિવસ સુધી ઉપ-હિમાલયન પશ્ચિમ બંગાળ, આસામ અને મેઘાલયમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે.

જ્યારે અરૂણાચલપ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી પાંચ દિવસ દરમિયાન હળવાથી મધ્યમ વરસાદની આગાહી છે. ઉપરાંત હવામાન વિભાગે આજે દિલ્હીમાં અતિશય ગરમીના મોજાની સ્થિતિ માટે રેડ અલર્ટ જાહેર કર્યું છે.

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 30 જૂનનાં રોજ આકાશવાણી પરથી પ્રસારિત થનાર ‘મન કી બાત’ કાર્યક્રમમાં વિવિધ વિષયો ઉપર પોતાનાં વિચારો રજૂ કરશે. દર મહિનાના અંતિમ રવિવારે પ્રસારિત થતા મન કી બાત કાર્યક્રમની આ 111મી કડી હશે. સતત ત્રીજીવાર પ્રધાનમંત્રી તરીકે ચૂંટાયા બાદ પ્રથમ વાર મન કી બાત કાર્યક્રમ પ્રસારિત થશે.

આ કાર્યક્રમ માટે લોકો ટોલ ફ્રી નંબર 1800-11-7800 પર પોતાનાં વિચારો અને સૂચનો મોકલી શકે છે. આ ઉપરાંત, નરેન્દ્ર મોદી એપ અથવા પર માય જીઓવી (MyGov) ઓપન ફોરમ દ્વારા પણ પોતાનાં વિચારો રજૂ કરી શકે છે. આ મહિનાની 28 તારીખ સુધીમાં સૂચનોને સ્વીકારવામાં આવશે. મન કી બાત કાર્યક્રમનું

પ્રસારણ આકાશવાણી અને દૂરદર્શનનાં સંપૂર્ણ નેટવર્ક, એઆઇઆર ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ ઓન એરમોબાઇલ એપ પર કરવામાં આવશે.

એઆઇઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પ્રધાનમંત્રી કાર્યાલય તથા માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી પણ તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશાવાણી હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં પણ આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ કરશે.

## T-20 WORLD CUP SUPER EIGHT

I.C.C. T-20 ક્રિકેટ વિશ્વકપ માટે સુપર એઈટની ટીમો નક્કી થઈ ગઈ છે. નેપાળને હરાવી બાંગ્લાદેશ આ તબક્કામાં પસંદગી પામનારી અંતિમ ટીમ બની ગઈ છે. સુપર એઈટની મેચો આવતીકાલથી 25 જૂન દરમિયાન રમાશે.

પ્રથમ જૂથમાં ભારત, ઑસ્ટ્રેલિયા, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ છે. જ્યારે બીજા જૂથમાં અમેરિકા, ઈંગ્લેન્ડ, વેસ્ટઈન્ડીઝ અને દક્ષિણ આફ્રિકા છે. સુપર એઈટની પ્રથમ મેચ આવતીકાલે અમેરિકા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે રમાશે. જ્યારે ભારતની આ તબક્કામાં પ્રથમ મેચ અફઘાનિસ્તાન સાથે 20મી જૂને રમાશે. આ તમામ મેચ વેસ્ટ ઈન્ડીઝમાં રમાશે. દરેક જૂથની 2 ટોચની ટીમ સેમિફાઈનલ માટે પસંદગી પામશે.

સુપરએઈટમાં દરેક ટીમે ત્રણ મેચ રમવી પડશે અને સેમિફાઈનલમાં પહોંચવા માટે 2 મેચમાં જીતવું પડશે.